ગુજરાતમિત્ર

## ગતિવિધિ

### દશરથ આઈ.ટી.આઈ ખાતે તા.2 ઓગસ્ટ સુધી બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવી શકાશે

**વડોદરા :** ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દશરથ ખાતે પ્રવેશસત્ર ૨૦૨૪ માં બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભરવા માટે સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવી અથવા આઈ.ટી.આઈ. પ્રવેશફોર્મ ભરવા માટેની https://itiadmission.gujarat.gov.in/ પર તા.૨૭/૦૭/૨૦૨૪ થી ૦૨/૦૮/૨૦૨૪ સુધીમાં એડમીશનના પ્રવેશફોર્મ ભરવા માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દશરથના આચાર્યે એક યાદીમાં જણાવ્યું છે.

### મદનીશ નિયામક (રોજગાર)ની કચેરી તરસાલી ખાતે રોજગાર ભરતી મેળો યોજવામા આવ્યા



**વડોદરા :** વડોદરા જીલ્લાના યુવાનોને રોજગારીની તકો પ્રાપ્ત થાય તેમજ રોજગારલક્ષી વ્યવસાય માર્ગદર્શન આપવામા માટે 10 પાસથી ઓછુ ભણેલા,10 પાસ થી વધુ અને ગ્રેજ્યુટ સુધિની લાયકાત ધરાવતા ઉમેદવારો તરસાલી ખાતે મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી આવેલ છે તેમજ ટેકનીકલ ગ્રેજ્યુટ ,પ્રોફેશનલ કોર્સીસ ,અને માસ્ટર લાયકાત ધરાવતા ઉમેદવારો માટે એમ એસ યુનિવર્સીટી કેમ્પસમા યુનિવર્સીટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુ ઈ બી ), ચમેલી બાગ , વડોદરા કાર્યરત છે જેમા મદદનીશ નિયામક (રોજગાર) કચેરીસદ્વારા દ્વારા તા .૨૪.૦૭.૨૦૨૪ ના રોજ તેમજ યુ ઈ બી વડોદરા દ્વારા તા ૨૬.૦૭.૨૦૨૪ ના રોજ રોજગાર ભરતી મેલાનુ આયોજન કરવામા આવ્યુ બંને ભરતી મેલામા આશરે ૩૦૦ થી વધારે ટેકનીકલ અને નોન ટેકનીકલ વેકન્સી માટે ૧૩ નોકરીદાતા હાજર રહાયા હતા.

### એન્થે, એઇએસએલ નેશનલ સ્કોલરશિપ એક્ઝામ ઓનલાઇન અને ઓફલાઇન લેવાશે



**વડોદરા :** પોતાની ફ્લેગશિપ સ્કોલરશિપ એક્ઝામિનેશન એન્થેના શાનદાર 15 ગૌરવપૂર્ણ વર્ષોની સિદ્ધિને ચિહ્નિત કરતા તેમજ પ્રિપેરેટરી સર્વિસમાં નેશનલ લિડર આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (AESL) દ્વારા ''આકાશ નેશનલ ટેલેન્ટ હન્ટ એક્ઝામ (એન્થે) - 2024'' અંતર્ગત નવી એડિશન શરૂ કરવાની જાહેરાત કરી છે. લોકપ્રિય અને સૌથી વધુ ઈચ્છિત એક્ઝામ ધોરણ VII-XIIના વિદ્યાર્થીઓને 100% સુધીની શિષ્યવૃત્તિ કમાવવાની તક આપે છે અને તેમને મેડિસિન અથવા એન્જિનિયરિંગમાં સફળ કારકિર્દીના પોતાના સપનાને સાકાર કરવામાં મદદરૂપ રોકડ પુરસ્કારો પણ મળશે. આ વર્ષે એક રોમાંચક કાર્યક્રમમાં પાંચ ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓ માટે ફ્લોરિડા, યુએસએમાં કેનેડી સ્પેસ સેન્ટરની 5 દિવસની જર્નીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં તમામ ખર્ચનો પણ સમાવેશ કરી લેવામાં આવ્યો છે. ફ્લોરિડામાં સ્થિત જ્હોન એફ. કેનેડી સ્પેસ સેન્ટર એ યુનાઈટેડ સ્ટેટ્સમાં નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના ૧૦ ફિલ્ડ સેન્ટરમાંનું એક છે. એન્થે સ્કોલરશિપ મેળવનારા વિદ્યાર્થીઓને આકાશના વ્યાપક કોચિંગ પ્રોગ્રામ્સનો લાભ મળશે, જે વિદ્યાર્થીઓને NEET, JEE, રાજ્ય CET અને NTSE અને ઓલિમ્પિયાડ્સ જેવી સ્કોલરશિપ પરીક્ષાઓ માટે તૈયાર કરે છે

### વડોદરા નજીક વડસરમાંથી વધુ 16 લોકોને સલામત બહાર કાઢતી એનડીઆરએફ ટીમ

**વડોદરા :** વડોદરા શહેર નજીક વડસરમાં પાણી ભરાવાના કારણે સોસાયટીમાં ફસાયેલા લોકોને સલામત બહાર કાઢવાનું અભિયાન આજ બીજા દિવસે પણ રાષ્ટ્રીય આપદા મોચન દળના જવાનો દ્વારા જારી રાખવામાં આવ્યું હતું. જેમાં ૧૬ વ્યક્તિને બોટમાં બેસાડી બહાર કાઢવામાં આવી હતી. વિશ્વામિત્રી નદીના જળસ્તરમાં વધારો થવાના કારણે પણ વડસરમાંથી લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. ગઈ કાલ ગુરુવારે સ્થાનિક તંત્ર અને એનડીઆરએફ દ્વારા વડસરમાંથી કુલ ૧૦૨ વ્યક્તિને સ્થળાંતરિત કરી આશ્રય સ્થાનમાં રાખવામાં આવી હતી. જેમના માટે કોર્પોરેશન દ્વારા ભોજન સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. આપત્તિ વ્યવસ્થાપન નિયંત્રણ કક્ષ પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ગુરુવાર સુધીમાં કુલ ૨૬૨ વ્યક્તિને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કુલ ૧૮૭૭ વ્યક્તિને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. આ લોકો માટે ભોજન સહિતની તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. દરમિયાન, આજ શુક્રવારે સવારે પણ વડસરમાંથી નાગરિકોને સલામત રીતે બહાર કાઢવાની કામગીરી એનડીઆરએફ દ્વારા જારી રાખવામાં આવી હતી.

એનડીઆરએફના એક દસ્તાએ વડસરમાંથી કુલ ૧૬ લોકોને રેસ્ક્યુ કર્યા હતા. જેમાં પાંચ પુરુષ, છ મહિલા, ચાર બાળકો અને એક નવજાત બાળકોનો સમાવેશ થાય છે.

### વડોદરાના યુવાનો માટે ઝોન તથા તાલુકા કક્ષાના યુવા ઉત્સવ:૨૦૨૪-૨૫નું આયોજન

**વડોદરા :** રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, વડોદરા શહેર દ્વારા ઝોન તથા તાલુકા કક્ષા યુવા ઉત્સવ ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. યુવા ઉત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઈચ્છુક યુવાનોના ફોર્મ તા. ૦૪/૦૮/૨૦૨૪ સુધી સ્વીકારવામાં આવી રહ્યા છે. આ સ્પર્ધા બે વિભાગમાં યોજાનાર છે. જેમાં વિભાગ - અ માં ૧૫ વર્ષથી ઉપર અને ૨૦ વર્ષ સુધીના (તા.૩૧/૧૨/૨૦૦૪ થી તા.૩૧/૧૨/૨૦૦૯ વચ્ચે જન્મેલા) અને વિભાગ - બ ૨૦ વર્ષથી ઉપર અને ૨૯ વર્ષ સુધીના (૩૧/૧૨/૧૯૯૫ થી ૩૦/૧૨/૨૦૦૪ વચ્ચે જન્મેલા) ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં વકૃત્વ, નિબંધ, ચિત્રકલા, હળવું કંઠય સંગીત, લોકવાદ્ય સંગીત, એક પાત્રીય અભીનય, શાસ્ત્રીય કંઠ્ય-હિંદુસ્તાની, ભરતનાટ્યમ, તથા કથ્થક આમ કુલ ૯ સ્પર્ધાઓ 'અ' અને 'બ' બન્ને વિભાગમાં યોજાશે. જ્યારે પાદપૂર્તિ, ગઝલ શાયરી લેખન, કાવ્ય લેખન, દુહા છંદ ચોપાઈ, લગ્નગીત, આમ કુલ ૫ સ્પર્ધાઓ માત્ર 'બ' વિભાગ માટે યોજાશે. જ્યારે, લોક વાર્તા, સર્જનાત્મક કારીગરી, ભજન, સમુહગીત, લોકનૃત્ય, લોકગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત- કર્ણાટકી, સીતાર, વાંસળી, તબલા, વીણા મૃદંગમ, હાર્મોનિયમ (હળવું), ગીટાર, મણીપુરી, ઓડીસી, કુચિપુડી, એકાંકી, શિઘ્ર વકૃત્વ સ્પર્ધા, લાઈફ સ્કિલ વિભાગમાં સ્ટોરી રાઈટીંગ, પોસ્ટર મેકિંગ, ડિક્લેમેશન અને ફોટોગ્રાફીની સ્પર્ધાઓ. એમ ૨૩ સ્પર્ધાઓ ખુલ્લા વિભાગમાં યોજાશે. જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, વડોદરા શહેર આઠમો માળ, 'સી બ્લોક, નર્મદાભવન, જેલ રોડ ૩૯૦૦૦૧, વડોદરા ખાતે જમાં કરાવવાના રહેશે.



વાઘોડિયા વિસ્તાર

બુધવારે વરસેલા ૯ ઇંચ જેટલા વરસાદ તથા ઉપરવાસમાં વરસાદને પગલે આજવા સરોવરનું પાણી છોડાતા વાઘોડિયા વિસ્તાર જળબંબાકાર

# કોર્પોરેશને દોષનો ટોપલો કાંસ પર ઢોળ્યો

**રૂપારેલ કાંસમા** તંત્રની બેદરકારીને કારણે વરસાદી પાણીનો નિકાલ ન થતાં કેટલાય વિસ્તારો 24 કલાકના વરસાદી વિરામ બાદ પણ પાણી ભરાયેલા જોવા મળ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા. 26

શહેરમાં ગત 22મી જુલાઈના રોજથી ધીમી વરસાદી શરૂઆત બાદ બુધવારે આઠ કલાકમાં 9 ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો બીજી તરફ ઉપરવાસમાં ભારે વરસાદને પગલે ડેમમાં તથા તળાવોમાં વરસાદી પાણીને કારણે શહેરના આજવા સરોવરમાં તેમજ પ્રતાપ સરોવરમાં વરસાદી નવા નિરની સતત આવક શરૂ થઈ હતી જેના કારણે આજવા સરોવરના જળસ્તર 212 ફૂટને વટાવતા આખરે તંત્ર દ્વારા ગુરુવારે આજવા સરોવરના 62 દરવાજા ઉંચા કરીને લેવલ સેટ કરતાં ત્રણેક હજાર ક્યુસેક પાણી વિશ્વામિત્રી નદીમાં છોડવામાં આવ્યું હતું જેના પગલે વિશ્વામિત્રી નદીની જળસપાટીમા વધારો થતાં વિશ્વામિત્રી બે કાંઠે પહોંચી હતી અને ગુરુવારે રાત્રે વિશ્વામિત્રી ભયજનક સપાટી વટાવી 29.23 પર પહોંચી હતી. તે પહેલાં વિશ્વામિત્રી નદીનું વરસાદી પાણી ઢાઢરમા અગાઉથી જ પાણી હોવાથી આ પાણી લેતું ન હતું. આ તરફ ઉપરવાસમાં પડેલા વરસાદ અને બુધવારે સમગ્ર વડોદરા જિલ્લામાં પડેલા વરસાદને પગલે દેવ નદીમાં પાણી આવતા દેવ નદી તેમજ આજવાનુ પાણી વાઘોડિયા વિસ્તારમાં ફરી વળ્યું હતું અને વાઘોડિયાના તમામ વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા. આ પાણી ભરાઈ જવાનું કારણ રૂપારેલ કાંસોમા અગાઉથી વડોદરા પાલિકા તંત્ર દ્વારા ડ્રેનેજની



લાઈનો તેમજ સુએઝના પાણીની લાઈનો આપવામાં આવેલી હોઈ વડોદરા શહેરના પૂર્વ વિસ્તારોના વરસાદી પાણી તથા બીજી તરફ કોતરોની પણ સફાઈ અને જામ્બુઆ લેન્ડફીલ તરફની સફાઈના અભાવે દેવ નદી અને આજવા સરોવરના પાણીનો નિકાલ ન થતાં આગળ પાણી જતું ન હોવાથી શહેરના પૂર્વ વિસ્તારો આજવારોડ, વાઘોડિયારોડ થી સોમાતળાવ ચારરસ્તા તરફ વરસાદના ચોવીસ કલાકના વિરામ બાદ પણ રોડ તેમજ સોસાયટી વિસ્તારોમાં કમર સુધીના પાણી ભરાઈ ગયા હતા. આ તરફ વાઘોડિયા વિસ્તારમાં નવી બિલ્ડિંગો, ઈમારતો તથા રોડની ઉંચાઈ વિગેરેને કારણે વરસાદી પાણીના નિકાલના નાળાઓ, કોતરમા યોગ્ય સફાઈના અભાવે દેવ તથા આજવા સરોવરના પાણી વાઘોડિયા પંથકમાં જરોદ સુધીના વિસ્તારોને પ્રભાવિત કર્યા હતા. આજે કુદરતે રાહત આપી છે અને 48કલાકથી વરસાદે વિરામ લીધો છે પરંતુ શહેરના પૂર્વ વિસ્તારમાં યોગ્ય રીતે વરસાદી પાણી ઉતર્યા નથી હજી પણ કેટલાક વિસ્તારોમાં પાણી છે.

બીજી તરફ વાઘોડિયાના અનેક ગામો જ્યાં સ્થળ ત્યાં જળ જેવી પરિસ્થિતિમાં ગરકાવ જોવા મળી રહ્યાં છે. આટ આટલા વર્ષો બાદ ટેકનોલોજીના આધુનિક યુગમાં પણ પ્રશાસનની બેદરકારી તથા બિલ્ડરો સાથેની સાંઠગાંઠ ને કારણે આડેધડ બાંધકામોની પરવાનગી, કોતરો તથા વરસાદી કાંસોની યોગ્ય સફાઈના અભાવે સાથે સાથે ભ્રષ્ટાચાર ને કારણે પણ નિર્દોષ જનતાને ભોગ બનવું પડી રહ્યું છે.

# હજી પણ કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ઉતર્યા જ નથી



સનસિટી રેસિડેન્સી, માંજલપુર-મુજમહુડા



વડસર ગામ

### વરસાદી પાણીના નિકાલના અભાવે રોગચાળાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા તા. 26

શહેરમાં બુધવારે વરસેલા વરસાદ તથા ઉપરવાસમાંથી પાણીની વિશ્વામિત્રી નદીમાં પાણીની આવકને શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયાં હતાં. છેલ્લા 48 કલાકથી વડોદરામાં તથા ઉપરવાસમાં વરસાદે વિરામ લીધા છતાં શહેરના વિશ્વામિત્રી ટાઉનશીપ, વડસર, કલાલી, કારેલીબાગ વિસ્તારમાં આવેલા જલારામનગર, આજવારોડના વિસ્તારો, વાઘોડિયા રોડ થી સોમાતળાવ વિસ્તાર સુધીમાં વરસાદી પાણી સાથે ગંદકીના કારણે રોગચાળો ફેલાવવાની દહેશત લોકોમાં વર્તાઈ રહી છે. પાલિકા તંત્ર દ્વારા યોગ્ય પાણીના નિકાલ અને સ્વચ્છતા ન કરાતાં રોગચાળો અને મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાની શક્યતાઓ વધી છે.



અકોટા ભવાની નગર